# ફાઈબરના ઉદ્યોગથી રોડ વધુ સસ્તા અને વધુ ટકાઉ બનાવી શકાશે

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર જિલ્લાના વાસન ખાતે આવેલ બાપુ ગુજરાત નોલેજ વિલેજ કોલેજ ખાતે સિવિલ એન્જીનીયરીંગમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ ફાઈબરના ઉપયોગ વડે ડામર રોડની જાડાઈ ઘટાડી વધુ મજબૂત અને પર્યાવરણ સંબંધી વધુ અસરકારક રોડ ઓછા ખર્ચે બનાવતો અદ્‌ભૂત પ્રોજેક્ટ બનાવ્યો છે. આ પ્રોજેક્ટમાં વિદ્યાર્થીઓએ ભારતમાં પ્રથમવાર ફાઈબરના ઉપયોગ દ્વારા રોડનો નમૂનો બનાવ્યો છે.

બાપુ કોલેજમાં ભણતા પાંચ વિદ્યાર્થીઓ આકાશ પટેલ, નિકિતા પટેલ, ઝીલ પટેલ, કૃશિલ પટેલ અને અક્ષય ઓઝાએ સાથે મળીને તેમના અધ્યાપક પ્રિયંક શાહના માર્ગદર્શન હેઠળ ભૂતપૂર્વ પ્રાધ્યાપક વિસ્મય શાહની પ્રેરણાથી આ પ્રોજેક્ટ એક વર્ષ અગાઉ હાથ ધર્યો હતો. આ પ્રોજેક્ટ માટે તેમને અમેરિકાની ફોર્ટા-એફઆઈ કંપની દ્વારા ૧૭.૫ કિલો ફાઈબર વિના મૂલ્યે આપવામાં આવ્યો છે. આ પ્રોજેક્ટ અંગે જણાવતા વિદ્યાર્થીઓ કહે છે આ ફાઈબરના ઉપયોગથી રોડની જાડાઈ ૩૭ ટકા જેટલી ઘટાડી શકાશે. જેનાથી ૨૫ ટકા મટીરીયલ્સની પણ બચત થશે અને રોડના આયુષ્યમાં લગભગ ૫૦ ટકા જેટલો વધારો કરી શકાશે. વળી આ કારણે ડામરની ખપત ઓછી થવાથી કાર્બન ડાયોકસાઈડનું ઉત્સર્જન પણ ઓછુ થશે અને પર્યાવરણને પણ ઘણો લાભ થશે. અત્યાર સુધી આ પ્રકારના રોડ વિશ્વમાં માત્ર ચાર દેશોએ જ બનાવ્યા છે. જેમાં અમેરિકા, સ્પેન, ચીન અને પાકિસ્તાનનો સમાવેશ થાય છે. આ ફાઈબરના ઉપયોગને કારણે રોડની જાડાઈ ૫.૫ ઈંચથી ઘટીને માત્ર ૩.૫ ઈંચની જ થઈ જશે. છતાં તે વરસાદ કે અન્ય મોસમી ફેરફાર સાથે વધુ મજબૂત પુરવાર થશે.

ભારતમાં હાલ પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનામાં દર વર્ષે લગભગ ૩૫ હજાર કરોડ રૂપિયાનો ખર્ચ માત્ર રીપેરીંગ કરવા માટે થાય છે, જે આ ફાઈબરના ઉપયોગથી ખૂબ ઓછો થઈ જશે. પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના અંતર્ગત ૩ લાખ ૭૨ હજાર કિલોમીટરના રોડરસ્તા બનાવવાનું આયોજન હાથ ધરાયું છે અને તે માટે લગભગ ૧૬૨ હજાર કરોડથી વધુનો ખર્ચનો અંદાજ છે ત્યારે જો આ ફાઈબરનો ઉપયોગ કરવામાં આવે તો આ ખર્ચ ઘણો ઓછો કરી શકાય તેમ છે. વિદ્યાર્થીઓએ આ રોડ બનાવવા ડામરમાં ફાઈબરનો ઉપયોગ કરીને તેના માર્શલ સ્ટેબીલીટી ટેસ્ટ, ડકટીલીટીટેસ્ટ, પેનીટ્રેશન ટેસ્ટ, વિસકોસીટી ટેસ્ટ, ફાયર પોઈન્ટ ટેસ્ટ અને સોફટનીંગ ટેસ્ટ જેવા વિવિધ ટેસ્ટ પણ કરી જોયા, તેમજ ડામરમાં વજનમાં વિવિધ માત્રામાં ફાઈબર ઉમેરીને ચકાસી જોતા તેમને ૨ ટકા ફાઈબરનું પ્રમાણમાં સૌથી શ્રેષ્ઠ પરિણામ મળ્યું હતું. આમ ફક્ત રૂપિયે કિલોના ભાવે મળતુ આ ફાઈબર ૧૦૦ કિલો ડામરમાં માત્ર ૫૦૦ ગ્રામ ઉમેરીને રોડને વધુ ટકાઉ, વધુ સસ્તો અને વધુ ઈકોફ્રેન્ડલી બનાવી શકાય છે અને ડામર સહિત અન્ય મટીરીયલન્સની પણ ખૂબ બચત કરી શકાય છે.

**બાપુ ગુજરાત નોલેજ વિલેજના વિદ્યાર્થીઓએ ફાઈબરના ઉપયોગથી અનોખો રોડ બનાવ્યો : આ પ્રયોગથી રોડની જાડાઈ પણ ઘણી ઘટશે અને ડામરની વપરાશ ઘટવાથી બચત સાથે પર્યાવરણને પણ લાભ થશે**

વિદ્યાર્થીઓના આ પ્રોજેક્ટને ખૂબ પ્રશંસા મળી રહી છે અને ઈન્ટરનેશનલ જર્નલ ફોર ટેકનોલોજીકલ રિસર્ચ ઈન એન્જીનીયરીંગના તાજેતરના અંકમાં પણ સ્થાન આપવામાં આવ્યું છે. વિદ્યાર્થીઓના આ અદ્‌ભૂત પ્રોજેક્ટની દિશામાં વધારે સંશોધન થઈ શકે તે આ તબક્કે વધુ જરૂરી જણાય છે.

# શહેરમાં કુરિયર બોય બનીને આવેલા શખ્સ દ્વારા વધુ એક ચેઈન સ્નેચિંગ

## બપોરે ઘરે ઘુસીને નિવૃત્ત અધિકારીનો ૪૫ હજારનો દોરો તફડાવી લીધો : આ જ પદ્ધતિથી અગાઉ એક વૃદ્ધાનો દોરો ગયો હતો

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર શહેરમાં થોડા મહિના અગાઉ જે રીતે સે.૩ માં એક કુરિયર બોય બનીને આવેલા શખ્સ દ્વારા ધોળે દિવસે ઘરમાં ઘૂસીને વૃદ્ધાનો દોરો ખેંચવામાં આવ્યો હતો તે જ પદ્ધતિથી ગઈ કાલે બપોરના અરસામાં વધુ એક ચેઈન સ્નેચિંગ થવા પામી છે. સે.૨૪ માં રહેતા નિવૃત્ત નાયબ કાર્યપાલક ઈજનેરના ઘરમાં મોબાઈલ નંબર લખવાનો રહી ગયો હોવાના બહાને ઘૂસીને ૪૫ હજારની કિંમતનો સોનાનો દોરો ગળામાંથી આંચકીને કુરિયર બોયના સ્વાંગમાં આવેલો ચેઈન સ્નેચર ફરાર થઈ ગયો હોવાની ઘટના બનવા પામી છે. આ બનાવ અંગે સે.૨૧ પોલીસે નિવૃત્ત અધિકારીની ફરિયાદને આધારે ગુનો નોંધીને તપાસ શરુ કરી છે.

ગાંધીનગર શહેરના સેક્ટર-૨૪ ખાતે આવેલા આદર્શનગર વિસ્તારના પ્લોટ નં.૫૧૧ માં રહેતા રમેશચંદ્ર બેચરદાસ પટેલ નિવૃત્ત નાયબ કાર્યપાલક ઈજનેર છે. તેમના ઘરે ગઈ કાલે બપોરે અઢી વાગ્યાના અરસામાં પૂનમ કુરિયર્સનું નામ દઈ એક કુરિયર બોય આવ્યો હતો. કુરિયર આપ્યા પછી મોબાઈલ નંબર લખવાનો રહી ગયો હોવાનું કહી કુરિયર બોય ઘરમાં ઘૂસ્યો અને નિવૃત્ત અધિકારીના ગળામાં હાથ મારીને દોઢ તોલા વજનનો રૂ.૪૫,૦૦૦ ની કિંમતનો સોનાનો દોરો ખેંચીને ચેઈન સ્નેચર ભાગી ગયો હતો. આ જ મોડસ ઓપરેન્ડીથી અગાઉ સે.૩ માં એક વૃદ્ધાનો દોરો પણ ખેંચાયો હતો. સે.૨૧ પોલીસને આ મામલે જાણ કરવામાં આવતા પોલીસે ગુનો નોંધી તપાસ શરુ કરી છે.

# કેનેડા કૌભાંડમાં મુખ્ય સૂત્રધાર દિનેશના ભાણાની ધરપકડ

## કાયમી વિઝાના બહાને કરોડોનું ચીટીંગ કરવામાં ભાણાનો પણ મોટો રોલ હતો

ગાંધીનગર, તા. ૧૫

સેક્ટર.૧૬માં સ્થિત ઓમ ઈમિગ્રેશનના માલિક સહીત કર્મચારીઓએ મળીને ગાંધીનગર તથા આસપાસના લોકોને કેનેડા ના કાયમી વિઝા અપાવી દેવાની લાલચ આપીને કરોડો રૂપિયાનું કૌભાંડ આચર્યુ હોવાની પોલીસ ફરિયાદ નોંધાઈ હતી. સમગ્ર તપાસ એલ.સી.બી ને સોંપાયા બાદ ઓમ ઈમિગ્રેશનના કૌભાંડી સંચાલક દિનેશ પટેલની એલ.સી.બી ની ટીમે ધરપકડ કરી હતી. કેનેડા રહેતો તેનો ગુજરાતી સાગરીત જ દિનેશનું કરોડોનું કરી ગયો હોવાની કેફિયતને આધારે હવે કેનેડાના સાગરીત સામે લુક આઉટ નોટીસ પોલીસ જારી કરનાર છે.આ કૌભાંડમાં દિનેશની ઓફિસમાં જ કામ કરતો અને મહત્વનો રોલ અદા કરતો ભાણો ઝડપાઈ ગયો છે. પોલીસે તેની ધરપકડ કરીને ડી પૂછપરછ શરુ કરી છે.



શહેરના સેકટર-૧૬માં આવેલી ઓમ ઈમિગ્રેશનની ઓફીસના સંચાલક દિનેશ મણીભાઈ પટેલ તથા તેમાં કામ કરતા માણસો મળીને છ જણાએ કેનેડાના કાયમી વિઝા અપાવી દેવાની લાલચ આપીને કેટલાય લોકોને લાખો રૂપિયામાં સુવડાવી દઈ કરોડોનું કૌભાંડ આચર્યુ હોવાનું બહાર આવતા પોલીસ ફરિયાદ નોંધાઈ હતી. સમગ્ર કૌભાંડ ની તપાસ એલ.સી.બી ને તપાસ સોપવામાં આવતા એલ.સી.બી એ નાસતા ફરતા કૌભાંડી મુખ્ય સુત્રધાર દિનેશ પટેલની ધરપકડ કરી કોર્ટમાં રજુ કરતા ૮ દિવસના રીમાન્ડ કોર્ટે મંજુર કર્યા હતા. પૂછપરછ માં -ાથમિક તબક્કામાં બહાર આવ્યું હતું કે ગાંધીનગરમાં પહેલા રહેતો અને ઘણા સમયથી કેનેડામાં સ્થાયી થયેલો દિનેશનો એક ગુજરાતી મિત્ર આ વહીવટ કરતો હતો. પહેલા કેનેડાના કાયમી વિઝાના ઘણા કામ કરાવી દીધા બાદ હમણાથી તેણે પૈસા લઈ લીધા બાદ સંપર્ક તોડી નાંખીને દિનેશનું કરી નાખ્યું હોવાની કેફિયત પોલીસ સમક્ષ દિનેશ આપી હતી. કેનેડાના તે સાગરીત સામે લુક આઉટ નોટીસ પણ જારી કરવા તજવીજ શરુ કરી દેવામાં આવી છે. તો બીજી તરફ કેનેડા વિઝા ઈચ્છુક લોકોને શોધવાનું તથા તેમણે બાટલીમાં ઉતારવાનું મહત્વનું કામ કરતો દિનેશનો ભાણો જયદીપ પટેલ આજે એલ.સી.બી ના સકંજામાં આવી ગયો છે. પી.આઈ આશુતોષ પરમારે તેની ધરપકડ કરી કૌભાંડના મૂળ સુધી પહોંચવા -યત્નો શરુ કર્યા છે.

# જેસીઆઈ દ્વારા 'દીકરી વ્હાલનો દરિયો' અંતર્ગત દીકરીના મા-બાપને સન્માનશે

ગાંધીનગર, તા. ૧૫

બંગડી અને ઝાંઝરનો મધુરો રણકાર એના ઘરમાં જ ગૂંજે જેના નસીબમાં દીકરી હોય છે. દીકરી વ્હાલનો એવો દરિયો છે જેને જોતાં જ લાગણી અને સંવેદનાની ભરતી આવી જાય છે. આપણા સમાજમાં સતી પ્રથા, બાળ વિવાહ, કન્યાને દૂધ પીતી કરવી જેવી કુપ્રથા રોકી શક્યા છીએ. હવે સ્ત્રી ભ્રૂણહત્યા રોકવા લોકોના દિલમાં દિવા કરવાના છે.

અને આ કામનું ટમટમતુ કોડિયું લઈ જેસીઆઈ ગાંધીનગર ૨૪ મે ના રોજ ટાઉનહોલ ખાતે જાણીતા લોકકથાકાર અને દીકરીની લાગણીભીની વાતોથી હૈયું હચમચાવતા કલાકાર દલસુખ ગઢવી આ દીવડામાં વ્હાલનું તેલ પુરવા આવવાના છે. જેસીઆઈ પ્રમુખ સાત્વિક ત્રિવેદી, મંત્રી કેતન ભાવસાર અને પ્રોજેક્ટ કૉ-ઓર્ડિનેટર નિકુંજ શુકલ સંતાનમાં માત્ર એક કે બે દીકરી હોય એમને સન્માનવા ગાંધીનગરમાં દીવો લઈને એવી દીકરીઓ અને એના મા-બાપને શોધી રહ્યા છે.

આ કાર્યક્રમના ફોર્મ વિતરણ ચાલુ છે અને હજી જેમણે આ ફોર્મ ના ભર્યુ હોય તેમણે સત્વરે રૂચિતા શાહ - ૯૮૨૪૫-૭૮૪૦૫, કે.ડી. ભાવસાર - ૭૭૭૭૯-૪૮૧૨૯, અંકિત જૈન - ૭૬૯૮૦-૨૫૩૩૩, ડૉ. પરાગી ગાંધી - ૯૮૨૫૫-૬૩૯૯૦, સાત્વિક ત્રિવેદી - ૯૯૨૪૬-૯૯૨૪૭, વિનોષ ચૌહાણ - ૯૭૧૪૧-૦૯૯૮૮, સંજય નાયી - ૯૯૨૫૪-૮૩૯૯૭ અને નિકુંજ શુકલ - ૯૫૭૪૦-૦૦૬૭૮ ને ફોન કરી ફોર્મ ભરાવી દઈને લાડકી દીકરીનું ગૌરવ કરવાની ઘડીને વધાવી લેવાની જરૂર છે. અને હા, તમારે દીકરી ના હોય તો આજુબાજુ કે મિત્રોને એક દીકરી હોય એમનું ફોર્મ ભરાવી એમના સન્માનનાં કાર્યમાં સહભાગી તો અવશ્ય બની જ શકો.

# કોલવડા ગામમાં એક મકાનમાં અચાનક આગ ભભૂકી ઉઠતા દોડધામ

## સેક્ટર-૩૦ના ચ-ટાઈપમાં મોડી રાતે ઈલેક્ટ્રીક બોર્ડમાં આગ લાગી : સદનસીબે બંને દુર્ઘટનામાં કોઈ જાનહાની નહિ

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર વિસ્તારમાં એક જ દિવસમાં આગ દુર્ઘટનાના બે કિસ્સાઓ બનવા પામ્યા હતા. ગાંધીનગર શહેરના સે.૩૦ ખાતે તથા ગાંધીનગર નજીક આવેલા કોલવડા ગામના એક મકાનમાં મળીને આગના બનેલા બે બનાવોમાં સદનસીબે કોઈ જાનહાની કે મોટી માલ્હાની થવા પામી નથી. ગાંધીનગર ફાયરબ્રિગેડની ટીમે બંને આગને સમયસર કાબુમાં લઈ લીધી હતી. બંને આગ દુર્ઘટનામાં સદ્‌ભાગ્યે કોઈને ઈજાઓ પણ થવા પામી ન હતી.

મળતી માહિતી મુજબ ગાંધીનગર શહેરના સેક્ટર-૩૦ ચ-ટાઈપ વિસ્તારમાં બ્લોક નં.૫૪ પાસે સ્થિત ઈલેક્ટ્રિક બોર્ડમાં ગઈ મોડી રાતે બે વાગ્યાના અરસામાં અચાનક આગ ભભૂકી હતી. વસાહતીઓનું ધ્યાન જતા ભારે દોડધામ અને બુમાબુમ થઈ જવા પામી હતી. આ આગ દુર્ઘટના અંગે વસાહતીઓએ ગાંધીનગર ફાયરબ્રિગેડને જાણ કરતા ટીમ સ્થળ પર પહોંચી ગઈ હતી અને આગને કાબુમાં લઈને આગને ફેલાતા અટકાવી દીધી હતી. બીજી તરફ શહેરને અડીને આવેલા કોલવડા ગામમાં આજે એક મકાનમાં આગ લાગી ઉઠતા ફાયરબ્રિગેડને કોલ મળ્યો હતો. મકાનમાં લાગેલી આગ સામાન્ય હતી. ઘટનાસ્થળે પહોંચી જઈને પાણીનો મારો ચલાવી ટીમે આગને કાબુમાં લઈ લીધી હતી. આગને પગલે તે વાસમાં થોડી વાર માટે અફડાતફડી મચી જવા પામી હતી. જો કે સદ્‌ભાગ્યે આ આગ દુર્ઘટનામાં પણ કોઈને ઈજા કે જાનહાની થવા પામી નથી. બંને ઘટનામાં કોઈ મોટી માલહાની પણ થઈ નથી.

# શહેરના પ્રેસ સર્કલ પાસેથી ચોરીના બાઈક સાથે એક શખ્સ ઝડપાયો

## બનેવીએ આ બાઇક સાતેક માસથી ફેરવવા આપ્યું હોવાની યુવાનની કેફિયત

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર એલ.સી.બી પોલીસની ટીમ ગઈ કાલે શહેર વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી તે દરમ્યાન બાતમી મળી હતી કે માણસાનો એક યુવાન શખ્સ ચોરીના બાઈક સાથે ગાંધીનગરમાં ફરી રહ્યો છે જેને આધારે પોલીસે -ેસ સર્કલ પાસે વોચ ગોઠવીને ચોરીના બાઈક સાથે તે શખ્સની ધરપકડ કરી લીધી છે. આ મામલે પૂછપરછ કરતા તેના બનેવીએ બાઈક સાતેક માસથી ફેરવવા આપ્યું હોવાનું નિવેદન આપી રહ્યો છે. પોલીસે તે દિશામાં પણ તપાસ શરુ કરી છે.

ગાંધીનગર એલ.સી.બી પી.આઈ આશુતોષ પરમારની ટીમના પી.એસ.આઈ વાય.જે.રાઠોડ, એ.એસ.આઈ અંબાલાલ, હે.કો હજારીસિંહ સહીતની માણસો ગઈ કાલે શહેરમાં પેટ્રોલીગમાં હતા તે દરમ્યાન પો.કો ભવાનસિંહને બાત્મની મળી હતી કે ચોરીના બાઈક સાથે એક શખ્સ ફરી રહ્યો છે. જેને આધારે ટીમે -ેસ સર્કલ પાસે વોચ ગોઠવી માણસાના પુંધરા ગામના -હલાદ કાળા રાવળને ચોરીના બાઈક સાથે ઝાડપી પાડ્યો હતો. બાઈકની નંબર પ્લેટમાં આગળના ભાગે જી.જે.૧૮ એ.કે. ૨૭૧૯ તથા પાછળના ભાગે જી.જે ૧૮ એ.કે. ૨૧૯ એમ અલગ અલગ નંબર્સ હતા. જયારે હેડ લાઈટના નીચેના વાયરિંગના સોકેટમાંથી વાયરિંગ કાપેલું હતું. રેકોર્ડ પર તપાસ કરતા આ બાઈક સે.૨૧ પોલીસ મથકની હદ વિસ્તારમાંથી અઢી વર્ષ પહેલા ચોરાયેલું હોવાનું ખુલ્યું હતું. આરોપી -હલાદની ધરપકડ કરીને પૂછપરછ કરતા માણસા તાલુકાના રામપુરા ગામમાં રહેતા તેના બનેવી અશ્વિન ભીખા રાવળે સાતેક માસથી આ બાઈક ચલાવવા માટે આપ્યું હોવાનું નિવેદન આપી રહ્યો છે. પોલીસે તે આધારે તપાસ ચાલુ કરી છે.

# સીમલા, કુલુ-મનાલી, દાર્જીલીંગ નગરજનોના વેકેશન માણવા માટેના પસંદગીના સ્થળો

## યુવાનોને એડવેન્ચેર ટુરીઝમનું ઘેલું લાગ્યું : આંતરરાષ્ટ્રીય સ્થળોમાં દુબઇ, સીંગાપોર, મલેશિયાનું સૌથી વધુ બુકીંગ : ઓનલાઇન બુકીંગનું ચલણ વધ્યું

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગરમાં ચારે તરફ વેકેશનનો માહોલ જામ્યો છે. મોટાભાગના નગરવાસીઓ ઉનાળું વેકેશનમાં વિવિધ હવા ખાવાના સ્થળોએ સહકુટુંબ પહોંચી ગયા છે તેમજ યુવાનો આ રજાઓમાં પર્વતીય સ્થળો પર માઉન્ટેઈનીંગ અને ટ્રેકીંગ જેવા એડેવેન્ચર કેમ્પ્સમાં ભાગ લઈ રોમાંચક્તાને માણી રહ્યા છે. આ વખતે આ વેકેશનમાં પ્રવાસીઓ દ્વારા ઓનલાઈન બુકીંગનું ચલણ ખૂબ જોવા મળી રહ્યું છે. નગરજનોની પસંદગીમાં કાશ્મીરે, સામલા, કુલુ-મનાલી, દાર્જીલીંગ ઉપરાંત વિદેશમાં દુબઈ, સીંગાપોર અને મલેશિયા ફેવરીટ બન્યા છે.

શહેરમાં એક તરફ ચૂંટણીઓ પતી ગયા પછી ગરમીનું પ્રમાણ વધતા નગરજનો ત્રસ્ત હતા પરંતુ તેમના વેકેશન પ્લાનીંગ પ્રમાણે રજાઓ માણવા વિવિધ પ્રવાસોનું પહેલેથી આયોજન કરી રખાયું હતું. સરકારી કર્મચારીઓ તેમને મળતા એલ.ટી.સી.ના લાભને કારણે પણ વેકેશનમાં 'બહાર' ફરવા જવા માટે આગોતરા બુકીંગ કરીને બેઠા હતા. મોટાભાગના નગરજનોએ ચૂંટણીને કારણે મતદાન કાર્ય પછી ફરવા જવાના કાર્યક્રમ ઘડ્યા હતા અને તે મુજબ અત્યારે ઘણાબધા નગરવાસીઓ 'હવા ખાવા' ઉપડી ગયા છે.

શહેરના સેક્ટર-૧૧માં ટૂર્સ અને ટ્રાવેલ્સ પેકેજીસ સહિત બસ, રેલવે અને એર ટિકિટ બુકીંગ કરતા સ્વાગત સર્વિસીઝના પંકજ શુક્લાના જણાવ્યા મુજબ આ વખતે લોકોનો ઓનલાઈન બુકીંગ તરફ વધારે ઝોક રહ્યો છે, ઈન્ટરનેટ પર દરેક સ્થળ અને ત્યાં પ્રાપ્ય હોટેલ્સ અને સેવાઓની માહિતી આંગળીના ટેરવે મેળવી શકાતી હોવાથી હવે લોકો જાતે જ બુકીંગ કરાવવાનું વધુ પસંદ કરવા લાગ્યા હોવાથી ટ્રાવેલીંગ એજન્ટોને મોટો ફટકો પડ્યો છે. પંકજભાઈના જણાવ્યા મુજબ આ વખતે સૌથી વધુ પસંદગીના સ્થળોમાં સીમલા, કુલુ - મનાલી અને દાર્જીલીંગ મુખ્ય રહ્યા છે જ્યાં લોકો સહકુટુંબ ફરવા જવાનું પસંદ કરી રહ્યા છે. ગાંધીનગરનો યુવા વર્ગ આ વખતે વધુ પ્રમાણમાં એડવેન્ચર કેમ્પમાં ભાગ લઈ રહ્યો છે અને વીસ પચીસથી લઈને પચાસ - સાઠ યુવાનોના ગૃપ બનાવીને મનાલી - સીમલા જેવા સ્થળોએ ટ્રેકીંગ અને માઉન્ટેનીંગ માટે જઈ રહ્યા છે અને તેઓ મોટેભાગે ટેન્ટમાં જ રહેવાનું પસંદ કરે છે ઉપરાંત જાણીતા ટુરીસ્ટ પોઈન્ટના બદલે જંગલોમાં ભટકવાનું કે પહાડ ચઢવાનું વધુ પસંદ કરે છે. ઘણા કુટુંબોએ કાશ્મીર પર તેમની પસંદગી ઉતારી છે.

અત્યારે ઉનાળાની સિઝન હોવાથી દક્ષિણ ભારતનું વાતાવરણ અલગ પ્રકારનું હોઈ તે તરફના સ્થળોએ પ્રવાસીઓનો ધસારો ઓછો જોવા મળી રહ્યો છે. હાલમાં કેરળ, ગોવા અને દક્ષિણ ભારત અન્ય સ્થળોના ટૂર પેકેજીસ ખૂબ જ સસ્તા ભાવમાં ઓફર થઈ રહ્યા છે જેથી નાના બજેટવાળા પ્રવાસીઓ આર્કષાઈ રહ્યા છે. જ્યારે વિદેશ પ્રવાસ જેમને પરવડે છે તેવા શોખીનો આ વર્ષે દુબઈને સૌથી વધુ પસંદ કરી રહ્યા છે. આ ઉપરાંત સીંગાપોર અને મલેશિયા સહકુટુંબ ફરવા જવાના સ્થળોની યાદીમાં સ્થાન ધરાવે છે. જોકે યુવાનો મિત્રો સાથે થાઈલેન્ડમાં બેંગકોક - પટાયા પણ જવાનો ક્રેઝ ધરાવે છે.

આ વર્ષે ઘણા લોકો બુકીંગ યાત્રા ડોટ કોમ, મેક માય ટ્રીપ, ટ્રાવેલ ગુરુ, ટ્રિપ એડવાઈઝર જેવી ઓનલાઈનનો વધુ ઉપયોગ કરી રહ્યા છે. ઓફ લાઈન બુકીંગમાંપણ ગાંધીનગરના પ્રવાસીજનો અમદાવાદની ટૂર્સ અને ટ્રાવેલ એજન્સીઓમાં બુકીંગ કરાવવાનું વધુ પસંદ કરી રહ્યા છે. સીમલા, કુલુ-મનાલી કે દાર્જીલીંગ માટે વ્યક્તિદીઠ બારથી વીસ હજારના અને દુબઈ, સીંગાપોર, મલેશીયા જેવા વિદેશી ડેસ્ટીનેશન માટે ત્રીસ હજારથી શરૂ થઈને પચાસ હજાર સુધીના પેકેજ માર્કેટમાં ઉપલબ્ધ છે અને મોટાભાગના લોકો પાંચથી સાત દિવસના પ્રવાસનું આયોજન કરવાનું સૌથી વધુ પસંદ કરી રહ્યા છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૦૬

સૂર્યાસ્ત : ૭.૦૪

## તાપમાન

મહત્તમ : ૩૮.૪ ડિ.સે.

લઘુત્તમ : ૨૭.૪ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૫૮ ટકા ● સાંજે ૩૫ ટકા

## મનોરંજન

### સીટી પલ્સ

: સ્ક્રીન-૧ :

સ્પાઈડરમેન-૨ (૩ડી-અંગ્રેજી) : ૧૨.૦૦

ગોડજીલા (૩-ડી અંગ્રેજી): ૨.૪૫, ૭.૪૫, ૧૦.૧૫

મીલીઓન ડૉલર આર્મ : ૫.૧૫

: સ્ક્રીન-૨ :

ધ એક્સપોઝ : ૧૦.૦૦

એમ-૩ ૧૨.૩૦

હવાહવાઈ : ૩.૩૦

ચિલ્ડ્રન ઓફ વોર : ૬.૩૦, ૯.૩૦

: સ્ક્રીન-૩ :

ધ એક્સપોઝ : ૧.૦૦, ૩.૩૦, ૮.૦૦, ૧૦.૧૫

માઈટી રાજુ રીઓ કોલીંગ : ૬.૦૦

: સ્ક્રીન-૪ :

હવાહવાઈ : ૩.૩૦

ચિલ્ડ્રન ઓફ વોર : ૬.૩૦

ધ એક્સપોઝ : ૧૦.૧૫

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :

ગોડજીલા(૩-ડી, હિન્દી) : ૧૦.૪૫,૧.૪૦,૪.૩૫,૭.૩૦,૧૦.૨૫

: સ્ક્રીન-૨ :

ગોડજીલા-૩ ૩ડી (હિન્દી):૯.૪૫,૨.૪૫,૪.૦૦,૭.૦૦,૧૦.૧૫

સ્પાઈડરમેન-૨ (૩-ડી) : ૧૨.૪૫

: સ્ક્રીન-૩ :

ધ એક્સપોઝ : ૧૦.૦૦, ૧૨.૩૦, ૩.૦૦, ૮.૦૫, ૧૦.૩૫

હવાહવાઈ: ૫.૩૦

: સ્ક્રીન-૪ :

માઈટી રાજુ રીઓ કોલીંગ : ૯.૦૦, ૨.૧૫, ૭.૩૦

ધ ચિલ્ડ્રન ઓફ વોર (હિન્દી) : ૧૧.૧૫, ૪.૩૦, ૯.૪૫

### સૂર્યા સિનેમા (વાવોલ)

ઠાકોરની લોહી ભીની ચુંદડી : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :

ધ એક્સપોઝ : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

: સ્ક્રીન-૨ :

ગોડજીલા : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૩ :

મીડ સમર મીડનાઈટ મુંબઈ: ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૧૦.૦૦

ધ એક્સપોઝ : ૭.૦૦

## આપની આજ

**મેષ** : તમારી વિવેકની વિપરીત કાર્ય થવાથી હાનિ થઈ શકે છે. કુટુંબના સભ્યો સાથે મતભેદ ન થાય તેની કાળજી રાખવી. આપ કોઈપણ પ્રકારના વ્યર્થ ભ્રમમાં ન રહેતા સ્વવિવેકથી કામ કરશો તો સફળતા સંભવ છે.

**વૃષભ** : આર્થિક ક્ષેત્રમાં વિવાદિત કાર્યોનો હલ કરવા માટે યાત્રાનો યોગ. મિત્રો અને કુટુંબના સભ્યો સહિત પોતાની આંતરિક પ્રસન્નતા અને આશાજનક વાતારણને કારણે પ્રયાસ સફળ થઈ શકશે.

**મિથુન** : આમોદ-પ્રમોદ વિલાસિતામાં સમય પસાર થશે. આપના થકી વ્યવસાયિક ક્ષેત્રે નવી યોજના બની શકશે જેનો લાભ ભવિષ્યમાં થશે. પ્રયત્નો ચાલુ રાખવા.

**કર્ક** : કાર્યમાં નવીન સમસ્યા આવશે, જેથી ધૈર્ય અત્યંત જરૂરી છે. જમીન- મકાન ખરીદવાની આકાંક્ષા પૂર્ણ થવાની સંભાવના રહેશે. તમારા કાર્યોની સમાજમાં અને વ્યવસાયક્ષેત્રે નોંધપાત્ર પ્રશંસા થશે.

**સિંહ** : લંબિત પ્રકરણોમાં સફળતા પ્રાપ્તિનો યોગ. વ્યાપાર-વ્યવસાયક્ષેત્રે સમસ્યાઓ હોવાં છતાં કાર્ય થવાનો યોગ બની રહ્યો છે. આર્થિક લાભનાં સ્ત્રોતોથી સંબંધી ઉત્પન્ન થયેલી સમસ્યાઓ છતાં કાર્ય પૂર્ણ થવાની સંભાવના છે.

**કન્યા** : શારીરિક સ્વાસ્થયનું ધ્યાન રાખવું. વિવાદોથી બચવું. લાંબા સમયથી ચાલી રહેલી કૌટુંબિક સમસ્યાઓનું સમાધન થઈ શકશે. વેપાર- ધંધા સારા અને લાભપ્રદ આર્થિક લાભની તક પ્રાપ્ત થવાના યોગ પ્રબળ બની રહ્યા છે.

**તુલા** : સંઘર્ષપૂર્ણ વાતાવરણમાં કાર્ય કરવું પડી શકે છે. કાર્યનાં દરેક પગલે મુશ્કેલીનો સામનો કરવો પડશે. કૌટુંબિક જીવન પણ સુખદ નહીં રહે. આપના અથાગ રીતે કરેલ મહેનતનું ફળ તરત જ મળી શકશે.

**વૃશ્ચિક** : અટકેલા કાર્ય સમય પર પૂરા કરવા આપ કટીબદ્ધ બનશો. વ્યકિતગત કાર્યોમાં ઉન્નતિ પ્રાપ્ત થશે. કાયદાકીય બાબતોમાં આત્મવિશ્વાસમાં કમી આવવાની સંભાવના છે. વાદ-વિવાદથી દૂર રહેવું.

**ધન** : મનમાં ઉત્સાહપૂર્ણ વિચારોને કારણે સમય સુખદ પસાર થશે. અટવાયેલા નાણાં પરત મળી શકે છે. સંચિત ધનમાં વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. ધર્મના ક્ષેત્રમાં વિશેષ રુચિ જાગૃત થઈ શકશે. ધન પ્રાપ્તિનો વિશેષ યોગ.

**મકર** : મિત્રોનો સહયોગ અને આશ્વાસન મળી રહેશે. સ્થાયી મિલકત, વાહન ખરીદીનો યોગ બને છે. જૂના કાર્યોમાં ઉભી થયેલી સમસ્યાઓનું નિરાકરણ થઈ શકશે. ઉદર વિકારને કારણે ખાનપાન પર સંયમ રાખવું.

**કુંભ** : વ્યાપાર વિસ્તૃત થશે. સ્વાધ્યાયમાં રુચિ વધશે. કોઈ વરિષ્ઠ વ્યક્તિઓ અને નિતિગત સમસ્યાઓ પર સમય અને ધન ખર્ચ થવાની સંભાવના રહેલી છે. કર્મક્ષેત્રમાં વિશેષ ઉપલબ્ધિ અને નવા કાર્યોનો યોગ.

**મીન** : તમારી બુદ્ધિ અને તર્કથી કાર્યમાં સફળતા મળવાની સંભાવના છે. આધ્યાત્મિક પ્રવૃત્તિને કારણે મનમાં શાંતિ રહેશે. મહત્વકાંક્ષાઓ પ્રગતિ પ્રેરક કરશે. નિષ્ઠાથી કાર્ય કરતા રહેવું. વ્યાપારિક ભાગીદારી, કૌટુંબિક વિવાદ વગેરે માટે ભાગ્યવર્ધક યાત્રા- પ્રવાસનો યોગ બને છે.